# Telephonic conversation between Prime Minister and Prime Minister of Bangladesh

April 29, 2020

## વડાપ્રધાન અને બાંગ્લાદેશનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 29, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશનાં વડાપ્રધાન મહામહિમ શેખ હસિના સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાન મોદીએ ભારતનાં લોકો વતી અને પોતાનાં વતી પવિત્ર રમઝાન મહિનાનાં અવસર પર વડાપ્રધાન શેખ હસિનાને અને બાંગ્લાદેશનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 સંદર્ભમાં પ્રાંતિય પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી, અને તેઓનાં સંબંધિત દેશોમાં તેની અસરો દૂર કરવા માટે લેવામાં આવી રહેલા પગલાઓ અંગે એકબીજાને સંક્ષિપ્ત જાણકારી આપી હતી.

બન્ને નેતાઓએ સાર્ક દેશોનાં નેતાઓ વચ્ચે 15 માર્ચનાં રોજ સંમત થયેલી વિશેષ વ્યવસ્થાઓનાં અમલીકરણમાં થયેલી પ્રગતિ પર ખુશી વ્યક્ત કરી હતી. વડાપ્રધાન મોદીએ સાર્ક કોવિડ-19 ઈમર્જન્સી ફંડમાં 1.5 મિલિયન અમેરિકન ડોલરનાં યોગદાન બદલ વડાપ્રધાન શેખ હસિનાનો આભાર માન્યો હતો.

વડાપ્રધાન શેખ હસિનાએ પ્રાંતમાં કોવિડ-19 સામેની લડાઈમાં પ્રયાસોનાં સંકલનમાં આગેવાની લેવા બદલ અને તબીબી પૂરવઠાઓ અને ક્ષમતા નિર્માણ એમ બન્ને બાબતોમાં બાંગ્લાદેશને સહાયતા પૂરી પાડવા બદલ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો.

બન્ને નેતાઓએ રોડ, રેલ, જમીની જળમાર્ગો તથી હવાઈ માર્ગોથી સીમાપાર આવશ્યક વસ્તુઓનાં પૂરવઠાનાં સાતત્ય પર સંતોષ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ ઈતિહાસ, સંસ્કૃતિ, ભાષાનાં સંયુક્ત બંધનો અને ભાઈચારાનાં જોડાણોને યાદ કર્યા હતા અને દ્વિપક્ષીય સંબંધોની અદ્ભુત સ્થિતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો, અને કોવિડ-19 પર નિયંત્રણ મેળવવા અને આ મહામારીની આરોગ્યની અને આર્થિક અસર દૂર કરવામાં બાંગ્લાદેશની મદદ કરવામાં ભારતની તત્પરતાની ખાતરી આપી હતી.

વડાપ્રધાને આ ઐતિહાસિક મુજિબ બર્શોમાં વડાપ્રધાન શેખ હસિના અને બાંગ્લાદેશનાં તમામ મૈત્રીપૂર્ણ લોકોનાં સારા આરોગ્ય અને સુખાકારીની શુભકામનાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 29, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.